સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૪૮ કલાકમાં ૧૧ કેસ

ખેડબ્રહ્મામાં ૦૨, વડાલી - ૦૨, વિજયનગરમાં ૦૩, ઇડરમાં ૦૨ અને પ્રાંતિજ-હિંમતનગરમાં ૦૧-૦૧ કેસ

સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉનમાં અપાયેલી છૂટછાટ બાદ કોરોના પોઝીટીવ કેસમાં ઝડપથી વધારો થઇ રહ્યો છે જે ચિંતાનો વિષય જરૂર છે. છેલ્લા બે દિવસમાં કોરોના વાયરસના પોઝીટીવ ૧૧ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૬૦ થઇ ગઇ છે. જિલ્લામાં ખેડબ્રહ્મા, હિંમતનગર, વિજયનગર વિસ્તારમાં પોઝીટીવ કેસ આવતા સર્વેની કામગીરી સાથે આ વિસ્તારને કોરન્ટાઇન ઝોનમાં મૂકવામાં આવ્યા છે.

જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ૧૧ કેસ પોઝીટીવ આવ્યા છે. જેમાં પ્રાંતિજના તપોધન વાસમાં રહેતી યુવતી કે જે થોડા દિવસ પહેલા જ મુંબઇથી આવી હતી. આ ઉપરાંત ઇડર તાલુકાના વેરાબરમાં રહેતો ૨૮ વર્ષીય યુવાન, ખેડબ્રહ્મા તાલુકાના નાકા ગામના ૫૨ વર્ષીય આધેડને કોરોના પોઝીટીવ આવતા સારવાર અર્થે શુક્રવારે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. તો ગુરૂવારે રાત્રે હિંમતનગર સિવિલમાં ફરજ બજાવતી નર્સના પતિ અમદાવાદથી આવેલા અને ઇડરના વતની હોવાથી તેમની તપાસ કરાતા કોરોના પોઝીટીવ લક્ષણો જણાયા છે. તેજ પ્રમાણે વિજયનગરના લીમડા ગામના અને કરિયાણાના વેપારીને કોરોના થતા સારવાર માટે ખસેડાયા છે. ઉપરાંત ખેડબ્રહ્મા તાલુકામાં માતા, પુત્ર ટીફીન સેવા કરતા હોવાના કારણે તેમને કોરન્ટાઇન કરાયા છે. આમ સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે અને શુક્રવારે મળી નવા ૧૧ કેસ નોંધાયા છે.

વિજયનગર તાલુકાના ચિઠોડા ગામના અને હાલ ગાંધીનગર રહેતા એક રહીશને ચેપ લાગતા તેઓ કોરોનાનો ભોગ બન્યા હતા તેમજ લીમડા ગામના કરિયાણાની દુકાના ધરાવતા વેપારી પણ કોરોનાની ઝપેટમાં આવતા વિજયનગર તાલુકામાં કોરોના પોઝીટીવ સંખ્યા ૦૩ પર પહોંચી છે. તેજ પ્રમાણે ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ પ્રાથમિક શાળામાં મુંબઇથી આવેલા જે કોરન્ટાઇ કરાયા હતા તે પૈકી એક મુંબઇવાસી પરિવારમાં પતિ, પત્નિ અને પુત્રના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી માતા અને પુત્રનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે તથા આગીયાની મોર્ડન સ્કુલમાં કોરન્ટાઇન કરાયેલ એક શખ્સનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા-નાકા ગામે એક-એક પોઝીટીવ

ખેડબ્રહ્માના લક્ષ્મીલુરા અને નાકા ગામે મુંબઇથી એક દિવસ માટે ઘરે આવેલ સોલંકી તેજસિંહ મોતીસિંહ ઘરે આવ્યા હતા અને બીજા દિવસે પરત જવાના હતા પરંતુ તેમની તબિયત બગડતા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જયાંથી હિંમતનગર લઇ જવામાં આવ્યો હતો જ્યા તેમનો ટેસ્ટ કરાતા જેનો ટેસ્ટ પોઝીટીવ આવ્યો હતો. તેમજ એક કેસ નાકા ગામે આવેલ છે.

કાંટ ગામના રાજકમલ કોલ્ડ સ્ટોરેજમાં આગ

બનાસકાંઠા જિલ્લાની જાણીતી રિટેલ આઉટલેટ રાજકમલ ફેશનાં કાંટ ગામમાં આવેલા કોલ્ડ સ્ટોરેજમાં આગ લાગતા અફડાતફડી મચી હતી. આગ લાગતા સંપૂર્ણ કોલ્ડ સ્ટોરેજ ભસ્મીભૂત થઈ ઉઠ્યું હતું.

ગરમીનો પારો વધતા આગની ઘટનાઓમા વધારો થયો છે ત્યાં કોલ્ડ સ્ટોરેજમાં આગના બનાવથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા હવાના કારણે આગની જ્વાળાઓએ વિકરાળ રૂપ ધારણ કરતા નજીકમાં આવેલ સ્કૂલને લઈ દહેશતનો માહોલ છવાયો હતો. આગના ગોટેગોટા આકાશમાં છવાતા વહીવટી તંત્ર સાથે પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ફાયર ફાઈટર બોલાવીઆગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી પરંતુ વિકરાળ આગના કારણે સંપૂર્ણ કોલ્ડ સ્ટોરેજ બળીને ભસ્મીભૂત થઈ જતા કોલ્ડ સ્ટોરેજ માલિકને ૪ થી ૫ કરોડનું નુકશાન થવા પામ્યું છે.

મોડાસામાં કોરોના વોરિયર્સ પોલીસકર્મીઓ પર પુષ્પવર્ષા

કોરોનાની મહામારીથી બચવા દેશ અને દુનિયા અથાક પ્રયત્ન કરી રહ્યાં છે. કોરોનાનો પડકાર ઝીલીને એની સામે ડૉક્ટરો, આરોગ્ય કર્મચારીઓ, પોલીસતંત્ર અને સરકાર સહિત વહીવટીતંત્ર કામગીરી કરી રહ્યાં છે. મોડાસા શહેરમાં અને કન્ટેઇનમેન્ટ વિસ્તારમાં લોકડાઉનની અમલવારી માટે પોલીસતંત્ર ખડેપગે રાઉન્ડ ધી ક્લોક ફરજ બજાવી રહ્યું છે, ત્યારે મોડાસા શહેરની બસ સ્ટેન્ડ પાછળની રહેણાંક સોસાયટી વિસ્તારમાં ફ્લેગ માર્ચમાં નીકળેલ પોલીસ પર સોસાયટીના રહીશોએ પુષ્પવર્ષા કરી બિરદાવી સ્વાગત કર્યું હતું. મોડાસા શહેરની બસ સ્ટેન્ડ પાછળ આવેલી વૃંદાવન, વિવેકાનંદ, શુભલક્ષ્મી સહિતની સોસાયટી વિસ્તારના લોકોએ પોલીસની કામગીરીને બિરદાવવા તેમના સ્વાગત માટે તૈયારી કરી હતી. જીલ્લા પોલીસવડા મયુર પાટીલ, ડીવાયએસપી ભરત બસિયા, મોડાસા ટાઉન પોલીસ અને એલસીબી, ટ્રાફિક પોલીસની સંયુક્ત ફ્લેગ માર્ચ નીકળી ત્યારે મોટી સંખ્યામાં લોકોએ પોતાના ઘરની બહાર આવીને તેમ જ બાલ્કનીમાંથી પોલીસ-કર્મચારીઓ પર પુષ્પવર્ષા કરી, ત્રિરંગો લહેરાવી, ભારત માતાકી જય અને તાળીઓ પાડી તથા થાળી વગાડીને પોલીસની કામગીરીને બિરદાવી હતી. ફ્રન્ટ વોરિયર્સ તરીકે કામ કરતી પોલીસતંત્રનું ભવ્યાતિભવ્ય સ્વાગત જોઈ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના ચહેરાઓ પર છુપી ખુશી જોવા મળી હતી.

ભિલોડામાં ગરમી વધતા પ્રજાજનો ત્રાહિમામ

ભિલોડા,તા.૨૨

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં આગ ઝરતી ગરમીનો પ્રકોપ વધતાં જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. ભિલોડા સહિત વિવિધ વિસ્તારોમાં ધોરીમાર્ગો અને બજારો બપોરે સુમસામ ભાસી રહ્યા છે. કોરોના વાઈરસના કહેર વચ્ચે બજારો સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી શરૂ રહેતા હોય છે ત્યારે ગરમીના પ્રકોપના કારણે પ્રજાજનો ઉતાવળથી વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરીને વહેલી તકે ઘર ભેગા થઈ જતા બપોરે બજારો સુમસામ ભાસી રહ્યા છે. પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે. ઉનાળાની ઋતુ દરમ્યાન મે માસમાં અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં ગરમીને લીધે વાતાવરણમાં ભેજના પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે ત્યારે આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ હજુ પણ વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

ધનસુરાના વડાગામમાં વી.એચ.પી. દ્વારા કોરોના વોરિયર્સનું સન્માન કરાયું

અરવલ્લી જિલ્લા ના ધનસુરા તાલુકાના ના વડાગામ માં વી.એચ.પી અને ગામ લોકો ધ્વારા કોરોના વોરિયર્સ નું સન્માન કરાયું હતું.હાલ કોરોના વાઈરસ ને લઈ અરવલ્લી જિલ્લા માં પોતાના જીવને જોખમમાં મૂકી ખડેપગે કામ કરતા પોલીસ જવાનો અને નિવૃત આર્મી જવાનો પર પુષ્પ વર્ષા કરી સન્માન કરવામાં આવ્યું હતું.હાલમાં કોરોના ને લઈને સૌ કર્મચારીઓ સારી કામગિરી કરી રહ્યા છે જેને લઈને કોરોના વોરિયર્સ નું સન્માન કરવામાં આવ્યું હતું હાજર સૌએ જિલ્લા કલેકટર,જિલ્લા પોલીસવડા,જિલ્લા વિકાસ અધિકારી અને કોરોના માં ખડેપગે કામ કરતા તમામ લોકોનો આભાર માન્યો હતો.

ધનસુરાના આમોદરા ગામના ૫૫ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં કોરોનાનો વધુ ૧ કેસ પોઝિટીવ નોંધાયા છે. ધનસુરા તાલુકાના આમોદરામાં ૫૫ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેને લઈને આમોદરાતથા ગામ ને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યું હતું. અને આ ગામના ૫ કિ.મી. વિસ્તારને બફરઝોન જાહેર કરાયો હતો. તકેદારીના ભાગરૂપે ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ ધ્વારા દર્દીને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. આરોગ્ય તંત્ર ધ્વારા સેનેટાઈઝિંગ કરવાની કામગિરી હાથ ધરવામાં આવી હતી. તંત્ર ધ્વારા આ વિસ્તારોમાં કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો અને અવર જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ધનસુરા તાલુકામાં ૨૧-૦૫-૨૦૨૦ના રોજ કોરોનાના ૪ કેસ નોંધાયા હતા. ત્યાર બાદ ફરી એક કેસ નોંધાયો છે. આમોદરા ગામમાં કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે આમોદરા ગામને કોવિડ-૧૯નો કન્ટેન્ટમેન્ટ ઝોન તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્કિનીંગ કરાશે.આ વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

મોડાસાના કુડોલ ગામે ગેસ સિલિન્ડર ધડાકાભેર ફાટતા ચાર લોકો ગંભીર

કોરોનાની મહામારી વચ્ચે મોડાસા તાલુકાના કુડોલ ગામે પ્રજાપતિ ફળિયામાં રહેતા રમેશભાઈ કચરાભાઈ પ્રજાપતિના ઘરે ગેસની બોટલ લીકેજ હોવાથી ગેસ લીક થતા આજુબાજુમાંથી લોકો ગેસ લીકેજ થવાનું કારણ શોધવા સિલિન્ડરનું રેગ્યુલેટર બે ત્રણ વાર ચેક કરી રહ્યા હતા ત્યારે અચાનક બોટલ ધડાકાભેર બ્લાસ્ટ ૪ લોકોના ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે મોડાસા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા ૩ લોકોએ પ્રાથમિક સારવાર આપી હતી ગેસની બોટલ ફાટતા ક્ષણભરમાં આગે વિકરાળ સ્વરૂપધારણ કરતા ઘરવખરીને ભારે નુકસાન પહોંચતા ખેડૂત પરિવાર પર આભ તૂટી પડ્યું હતું મોડાસા ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, શુક્રવારે સવારે કુડોલ ગામના રમેશભાઈ કચરાભાઈ પ્રજાપતિ ઘરે ગેસની બોટલ લીકેજ હોવાથી આજુબાજુમાં રહેતા લોકો મદદે પહોંચ્યા હતા અને ગેસની બોટલ ઘરની બહાર કાઢી લાવ્યા બાદ બોટલ પર લગાવેલ સિલિન્ડર અને ગેસની પાઈપ લાઈન ચેક કર્યા બાદ સિલિન્ડર પરત રસોડામાં લઈ જઈ ગેસ લીકેજ થાય છે કે નહિ તે ચેક કરી રહ્યા હતા ત્યારે અગમ્ય કારણોસર ગેસ સિલિન્ડર ધડાકાભેર બ્લાસ્ટ થવાની સાથે આગ ફાટી નીકળતા પરિવારની મદદે પહોંચેલા ૧) પ્રકાશ બબાભાઈ પ્રજાપતિ, ૨) યોગેશ પ્રકાશભાઈ પ્રજાપતિ, ૩) અરવિંદભાઈ પ્રણામી, ૪) કિરીટભાઈ મણીભાઈ પ્રજાપતિ ગંભીર રીતે દાઝી જતા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ અને ખાનગી વાહન મારફતે મોડાસાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા ત્રણ લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી ગેસ સિલિન્ડર ધડાકાભેર બ્લાસ્ટ થતા ઘરમાં રહેલા ઈલેક્ટ્રિક ઉપકરણો અને ઘરવખરી બળીને ખાખ થઈ ગયા હતા ધડાકાભેર ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા ગ્રામજનો ઘર બહાર દોડી આવ્યા હતા.

આગને કારણે આસપાસના રહીશો ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા. દરમ્યાન સ્થાનિકોએ આ અંગે મોડાસા ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આ બનાવ અંગે મોડાસા રૂરલ પોલીસે જાણવાજોગ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથધરી હોવાનું પોલીસસુત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

બિયારણ કંપની સાથે તેલંગાણાના બે સિડ્સ માલિકો દ્વારા ૧.૦૯ કરોડથી વધુની છેતરપિંડી

૨.૧૯ કરોડથી વધુનું બીટી કપાસનું બિયારણ ખરીદી અડધા નાણાં ચુકવ્યા હતા

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ બિયારણની કંપનીમાંથી તેલંગાણાના સિડ્સના બે માલિકોએ એકાદ વર્ષ અગાઉ રૂા.૨.૧૯ કરોડથી વધુની મત્તાનો બીટી કપાસનું બિયારણ ખરીદી તે પેટે અડધા નાણાં બિયારણ કંપનીને બેંક મારફતે ચુકવ્યા હતા, જયારે રૂા.૧.૦૯ કરોડથી વધુની રકમ બિયારણ કંપનીને ન ચુકવી વિશ્વાસઘાત સાથે છેતરપિંડી કરતા મામલો હિંમતનગરના એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે. બિયારણ કંપનીના માલિકે તેલંગાણાના બે સિડ્સ માલિકો વિરૂધ્ધ ગુરૂવારે છેતરપિંડીનો મામલો હિંમતનગરના એ ડીવીઝનમાં દર્જ કરાવતા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

વિશ્વાસઘાત સાથે છેતરપિંડીના મામલે હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર મહાવીરનગરની ગંગાપુજન સોસાયટીમાં રહેતા અલ્પેશકુમાર જયંતિલાલ પટેલ મોતીપુરા વિસ્તારમાં ધનલક્ષ્મી ક્રોપ સાયન્સ પ્રા.લી. દ્વારા બિયારણનો ધંધો કરી રહ્યા છે. તેલંગાણાના જડચર્લા વિસ્તારમાં રહેતા અને સાંઈ ઈન્દ્રા સિડ્સના માલિક મોડપલ્લી રવિકિરણ અને મોડપલ્લી કોન્ડઈયાએ તા.૧૨ એપ્રિલ ૨૦૧૯ ના રોજ ધનલક્ષ્મી ક્રોપ સાયન્સ પ્રા.લી.માંથી બિયારણ ખરીદવા કંપનીના સંચાલકોને વિશ્વાસ અને ભરોસો આપી બિયારણ પેટે રકમ ચુકવવાનો લેખિત કરાર કરી રૂા.૨,૧૯,૦૨,૦૫૦ ની મત્તાનો બીટી કપાસનું બિયારણ ખરીદ કર્યુ હતું. સાંઈ ઈન્દ્રા સિડ્સના માલિકોએ ખરીદેલ બિયારણના માલ પેટે રૂા.૧,૦૯,૮૭,૫૬૬ રોકડા બેંક મારફતે અલ્પેશકુમાર જયંતિલાલ પટેલની ધનલક્ષ્મી ક્રોપ સાયન્સ પ્રા.લી.ને ચુકવ્યા હતા, જયારે બાકીના રૂા.૧,૦૯,૧૪,૪૮૪ હિંમતનગરની બિયારણ કંપનીને લેવાના બાકી નીકળતા હતા. બાકી નીકળતી રકમ સંદર્ભમાં ધનલક્ષ્મી ક્રોપ સાયન્સ પ્રા.લી.ના અલ્પેશકુમાર પટેલે તેલંગાણાના સાંઈ ઈન્દ્રા સિડ્સના માલિકો સમક્ષ અનેકવાર ઉઘરાણી કરી હતી. પરંતુ તેમ છતાં સાંઈ ઈન્દ્રા સિડ્સના માલિકોએ ધનલક્ષ્મી ક્રોપ સાયન્સ પ્રા.લી. કંપનીને આજદિન સુધી બાકીની રકમ ન ચુકવી વિશ્વાસઘાત સાથે છેતરપિંડી કરતા મામલો ગરમાયો હતો.હિંમતનગર સ્થિત ધનલક્ષ્મી ક્રોપ સાયન્સ પ્રા.લી.ના સંચાલકને આપેલ ભરોસો અને વિશ્વાસ મુજબ તેલંગાણાના સાંઈ ઈન્દ્રા સિડ્સના માલિકોએ રૂા.૧.૦૯ કરોડથી વધુની રકમ ન ચુકવતા અલ્પેશકુમાર જયંતિલાલ પટેલે ગુરૂવારે હિંમતનગરના એ ડીવીઝનમાં સાંઈ ઈન્દ્રા સિડ્સના માલિક મોડપલ્લી રવિકિરણ અને મોડપલ્લી કોન્ડઈયા વિરૂધ્ધ મામલો દર્જ કરાવતા પોલીસે બંને જણા વિરૂધ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો મામલો દર્જ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મણીબેન હોસ્પિટલમાં કોરેન્ટાઇન કરેલા ૪૭ લોકોને ઘરે મોકલાયા

ધાનેરા તાલુકાના ડુગડોલ ગામે એક કોરોના પોઝિટિવ કેશ આવતા ડુગડોલ ગામના ૪૭ જેટલા લોકોને ધાનેરાની મણીબેન હોસ્પિટલ ખાતે કોરેન્ટાઈનકરવામાં આવ્યા હતા તેમણે આજે પંદર દિવસનો સમય પૂર્ણ થતા તમામ લોકોને મણીબેન હોસ્પિટલમાંથી ઘરે મોકલવામાં આવ્યા છે ૧૪ દિવસનો સમય પૂર્ણ કરી ૧૪ દિવસ બાદ તમામ લોકો ઘરે જતા લોકોના મોઢા પર ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

અરવલ્લી પોલીસ અધિક્ષક કચેરી ખાતે એસ.પી મયુર પાટીલે ઈદ-ઉલ-ફિત્રના તહેવારને લઈ શાંતિ સમિતિની બેઠક યોજી

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં મોટી સંખ્યામાં મુસ્લીમ લોકો રહે છે અને રમજાન માસના સતત ૩૦ દિવસ સુધી રોજા રાખી અલ્લાહની ઈબાદત કરી હોય મુસ્લીમ લોકો માટે સૌથી મોટો ખુશીનો તહેવાર મીઠી ઈદ તરીકે ઈદ-ઉલ- ફિત્ર છે. અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે મોડાસા શહેર સહીત જીલ્લાના અગ્રણી મુસ્લિમ બિરાદરો સાથે જીલ્લા પોલીસ ભવન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજી હતી અને સમગ્ર જીલ્લામાં કોરોના કહેરની મહામારી અને લોકડાઉનની અમલવારીમાં ઈદ-ઉલ-ફિત્રના તહેવારની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે અંગે ચર્ચા કરી હતી. અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે કોરોના મહામારીને પ્રસરતી અટકાવવા ઈદ-ઉલ- ફિત્રમાં ઈદગાહમાં નમાજ અદા કરવાને બદલે ઘરે નમાજ અદા કરવા માટે અને મસ્જિદમાં પણ નક્કી કરેલ લોકોએ નમાજ અદા કરવા મુસ્લિમ અગ્રણીઓ સાથે ચર્ચા કરી હતી. શાંતિપૂર્ણ માહોલમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહે અને શાંતિપૂર્ણ માહોલમાં તહેવારની ઉજવણી કરવા ચર્ચા કરી હતી.

અરવલ્લીના ૭ ખરીદી કેન્દ્ર પરથી ટેકાના ભાવે ૨૨૬૯ ક્વિન્ટલ ઘંઉની ખરીદી શરૂ કરાઇ

મોડાસા, તા. ૨૨

જિલ્લાના અત્યાર સુધી ૬૦૨ ખેડૂતોના ૨૫,૫૫૬ ક્વિન્ટલ ઘંઉની ટેકાના ભાવે ખરીદી કરાઇ હતી.

સમગ્ર અરવલ્લી જિલ્લામાં ખેડૂતોના રવિપાકના ખરીદ-વેચાણ માટે તમામ માર્કેટયાર્ડ કાર્યરત કરાયા છે, તેની સાથે ખેડૂતોએ પકવેલા મોંઘા મોલનો યોગ્ય ભાવ મળી રહી તે માટે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી શરૂ કરાઇ છે જે અંતર્ગત અરવલ્લીના ૭ કેન્દ્રો પરથી ટેકાના ભાવે ઘંઉની ખરીદી શરૂ કરાઇ છે.

અરવલ્લી જીલ્લાના તમામ માર્કેટયાર્ડમાં ઘઉં ૬૨૯૪ ક્વિન્ટલ એરંડા ૬૧૦ ક્વિન્ટલ ચણા ૧૮૭ ક્વિન્ટલ બાજરી ૭૫૪ ક્વિન્ટલ મકાઈ ૩૧૭ ક્વિન્ટલ વરીયારી ૫ ક્વિન્ટલ કુલ ૮૧૬૭ ક્વિન્ટલ ખેતપેદાશોની આવક થઈ છે.

જયારે રાજય સરકાર દ્વારા ખેડૂતોના ટેકાના ભાવે ઘંઉની ખરીદી શરૂ કરાતા અરવલ્લી નિયત કરવામાં આવેલા મોડાસા અને ટીંટોઈના ખરીદી કેન્દ્ર પર ૧૫ ખેડૂતોના ૮૨૧.૫ ક્વિન્ટલ, ધનસુરાના ૩ ખેડૂતોના ૧૧૪ કિ., બાયડ તાલુકા સાંઠબાના ૧૦ ખેડૂતો ૩૧૯ ક્વિ., ભિલોડાના ૧૩ ખેડૂતોના ૫૦૫ ક્વિ. મેઘરજના ૪ ખેડૂતાના ૨૧૮ ક્વિ.માલપુરના ૬ ખેડૂતોના ૨૯૧ ક્વિ. મળી શુક્રવારે કુલ ૫૧ ખેડૂતોના ૨૨૬૯ ક્વિન્ટલ ઘંઉની ખરીદી કરવામાં આવી હતી. જયારે જિલ્લામાં લોકડાઉનના ત્રણ તબક્કા દરમિયાન જિલ્લાના ૬૦૨ ખેડૂતોના ૨૫,૫૫૬ ક્વિન્ટલ ઘંઉની ખરીદી કરવામાં આવી છે.